જા.નં.મા-૨/એન.એસ.એસ./૨૦૨૪/ ૧૨૭૬૦

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
બી-૩, જિલ્લા સેવાસદન-૨,
અઠવાલાઇન્સ, સુરત
તા. /૦૮/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી
આ સાથે સામેલ રાખેલ યાદી મુજબની એન.એસ.એસ. યુનિટ કાર્યરત હાય તેવી ઉ.મા. શાળાઓ.

વિષયઃ- એન.એસ.એસ. માટે નિયમિત પ્રવૃતિ માટેની ગ્રાંટ ફાળવી આપવા બાબત- વર્ષ ૨૦૨૪-૨૫
સંદર્ભઃ- ૧.મે.સયુકત શિક્ષણ નિયામક (રા.સે.યો.) ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી,ગાંધીનગરના આદેશ ક્રમાંક : રસય/ટિ.નં./PFMS/+૨ શાળા કક્ષા/અનુદાન/૨૦૨૪-૨૫/૯૦૭૪-૯૧૦૯ તા.૦૪/૦૭/૨૦૨૪
૨. મે.સયુકત શિક્ષણ નિયામક (રા.સે.યો.) ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી,ગાંધીનગરના આદેશ ક્રમાંક : રસય/ટિ.નં./RTGS/+૨ શાળા કક્ષા/અનુદાન/૨૦૨૪-૨૫/૧૦૪૯૨-૫૦૩ તા.૧૮/૦૭/૨૦૨૪

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, વર્ષ ૨૦૨૪-૨૫ માં આપની શાળા ચાલતા એન.એસ.એસ. યુનિટ અંગે આ કચેરીમાં મોકલેલ સ્વયંસેવકોની યાદી મુજબ સંદર્ભમાં દર્શાવેલ પત્રની સુચના અનુસાર એન.એસ.એસ. યુનિટમાં નોંધાયેલ PFMS સ્વયંસેવવકોને **ખાસ સિબીર માટે** સ્વર્ય સેવક દીઠ રૂા. ૭૦૦/= લેખે અને **નિયમિત પ્રવૃત્તિ માટે** સ્વર્ય સેવક દીઠ રૂા. **૬૫૦/=** અનુદાન સંદર્ભ-૧માં દર્શાવેલ આદેશથી શાળાના એન.એસ.એસના ખાતામાં મોકલવામાં આવે છે. આ અંગેનો ખર્ચ ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી,ગાંધીનગરના રા.સે.યો.ગાંધીનગરના તા. ૦૪/૦૭/૨૦૨૪ ના પત્ર મુજબ તથા સંદર્ભમાં દર્શાવેલ પત્રની સુચના મુજબ કરવાનો રહેશે.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, વર્ષ ૨૦૨૪-૨૫ માં આપની શાળા ચાલતા એન.એસ.એસ. યુનિટ અંગે આ કચેરીમાં મોકલેલ સ્વયંસેવકોની યાદી મુજબ સંદર્ભમાં દર્શાવેલ પત્રની સુચના અનુસાર એન.એસ.એસ. યુનિટમાં નોંધાયેલ RTGS સ્વયંસેવવકોને **ખાસ સિબીર માટે** સ્વર્ય સેવક દીઠ રૂા. ૨૦૦/= લેખે અને **નિયમિત પ્રવૃત્તિ માટે** સ્વર્ય સેવક દીઠ રૂા. **૧૫૦/=** અનુદાન સંદર્ભ-૧માં દર્શાવેલ આદેશથી શાળાના એન.એસ.એસના ખાતામાં મોકલવામાં આવે છે. આ અંગેનો ખર્ચ ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી,ગાંધીનગરના રા.સે.યો.ગાંધીનગરના તા. ૧૮/૦૭/૨૦૨૪ ના પત્ર મુજબ તથા સંદર્ભમાં દર્શાવેલ પત્રની સુચના મુજબ કરવાનો રહેશે.

આ અંગે આપના દ્વારા કરવામાં આવેલ નિયમાનુસાર ખચર્ના હિસાબો અલગ નિભાવવાના રહેશે. એ.જી. કચેરી, રાજકોટ; ઉ.શિ.કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર, તથા આ કચેરી દ્વારા સક્ષમ અધિકારી તપાસણી અર્થે હિસાબ માંગે ત્યારે આપે રજૂ કરવાના રહેશે. હિસાબ સાથે ખાસ શિબીર કર્યાની માહિતી / વિગતોનો રેકર્ડ પણ સાથે રાખવાની રહેશે.

અગાઉના વર્ષમાં આપના એન.એસ.એસ. યુનિટ દ્વારા કરેલ કાર્યવાહીનો નિયત નમૂનામાં વાર્ષિક રીપોર્ટ, નિયમિત પ્રવૃતિ અને ખાસ શિબીરનો અહેવાલ તથા આપના દ્વારા સ્વીકારેલ દતક ગામમાં કરેલ કાર્યવાહીનો અહેવાલ બે નકલમાં કચેરીમાં રજુ કરવો. આ કચેરી દ્વારા ફાળવેલ ગ્રાંટ ના કરેલ ખર્ચ બદલ યુ.ટી.સી. તથા સી.સી. પણ સામેલ રાખી રજૂ કરવું

બિડાણઃ (ઉપર મુજબ)

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત જિલ્લો.સુરત.

## વર્ષ ૨૦૨૪-૨૫ ના વર્ષમાં NSS સ્વયંસેવકોની RTGS માહિતી દર્શાવતું પત્રક

| ક્રમ | શાળાનું નામ | તાલુકો | ૨૦૨૪-૨૫ મા ફાળવેલ સ્વયંસેવકો | | | ગ્રાન્ટની ફાળવણી | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | યુનિટ | નિયમિત પ્રવૃત્તિ | ખાસ શિબિર | નિયમિત પ્રવૃત્તિ રૂ.૧૫૦/- મુજબ | ખાસ શિબિર રૂ.૨૦૦/- મુજબ | |
| 1 | કન્યા વિદ્યાલય અસ્તાન,બારડોલી | બારડોલી | 2 | 100 | 50 | 15000 | 10000 | 25000 |
| 2 | એન.ડી.દેસાઇ સાર્વજનિક હાઇસ્કૂલ,વાંકલ.માંગરોલ | માંગરોલ | 2 | 100 | 50 | 15000 | 10000 | 25000 |
| 3 | શ્રી સનાતન કન્યા વિદ્યાલય,આંગલધરા,મહુવા | મહુવા | 2 | 100 | 50 | 15000 | 10000 | 25000 |
| 4 | શ્રીમતી એલ.પી.ડી.સાર્વ.વિદ્યાલય,પુણા | સુરત | 2 | 100 | 50 | 15000 | 10000 | 25000 |
| 5 | ધનગૌરી વિદ્યાલય વલવાડા,મહુવા | મહુવા | 1 | 50 | 25 | 7500 | 5000 | 12500 |
| 6 | અખંડ આનંદ વિદ્યાભવન,વેડ રોડ,સુરત | સુરત | 1 | 50 | 25 | 7500 | 5000 | 12500 |
| 7 | શેઠ શ્રી પી.એચ.બચકાણીવાળા વિદ્યા મંદિર,ઉધના | સુરત | 1 | 50 | 25 | 7500 | 5000 | 12500 |
| 8 | જ્ઞાનદીપ હાઇસ્કૂલ,ગામતળાવખૂર્દ,માંડવી | માંડવી | 1 | 50 | 25 | 7500 | 5000 | 12500 |
| 9 | શ્રી કે.એલ.પટેલ અને શ્રી વી.એમ.એમ.સાર્વ હાઇસ્કૂલ,અનાવલ | માંડવી | 1 | 50 | 25 | 7500 | 5000 | 12500 |
| 10 | ઉત્તર બુનિયાદી વિદ્યાલય,જે.બી.વિદ્યાલય,અમલસાડી,પલસાણા | પલસાણા | 2 | 100 | 50 | 15000 | 10000 | 25000 |
| 11 | અંબાબા હરિપુરા ગર્લ્સ અંગ્રેજી હાઇસ્કૂલ,સુરત | સુરત | 2 | 100 | 25 | 15000 | 10000 | 25000 |
| 12 | ઉમરાકર વિનય મંદિર ઉમરા તા.મહુવા | સુરત | 1 | 50 | 25 | 7500 | 5000 | 12500 |
| Total | | | 18 | 900 | 425 | 135000 | 90000 | 225000 |

District Education Office,
Surat, Dist. Surat

## ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી

એન.એસ.એસ. શાખા, બ્લોક નં.૧૨, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન,

ગાંધીનગર, ગુજરાત રાજ્ય.

જા.ક્ર.:-NSS/ZBSA/2024/10214-10303 તા.06/07/2024

પ્રતિ,

- પ્રોગ્રામ કો-ઓર્ડિનેટરશ્રી, એન.એસ.એસ. સંલગ્ન યુનિવર્સિટી તમામ
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ

વિષય : NSS અંતર્ગત અનુદાન માટેના ZBSAમાં જમા રહેલ રકમ અંગે

સંદર્ભ : 1. ભારત સરકારનો તા.06/07/2024નો ઇ-મેઇલ

2. અત્રેની કચેરીનો તા.04/07/2024નો પત્ર ક્ર.NSS/ZBSA/2024/8968-9073

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, એન.એસ.એસ.ની પ્રવૃત્તિઓ માટે ભારત સરકાર દ્વારા PFMSના માધ્યમથી લીમીટ સેટ કરી ZBSAમાં અનુદાનની ફાળવવામાં આવે છે. સરકારશ્રી તથા બેંકની સૂચના મુજબ સદર ખાતામાં કોઇ રકમ જમા રાખી શકાતી નથી. સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા તરફથી મળેલ યાદી મુજબની યુનિવર્સિટી/કોલેજો/શાળાઓના ZBSA ખાતામાં કેટલીક રકમ જમા છે. જેની યાદી સામેલ છે. તે મુજબ આપના તાબાની સંસ્થાઓને જાણ કરી તે રકમ સત્વરે જે-તે સંસ્થાના અન્ય ખાતામાં ટ્રાન્સફર કરવા આપની કક્ષાએથી સૂચના આપશો.

સદર ખાતા માટે ચેક બુક ઇસ્યુ કરેલ ન હોવાથી જે-તે બ્રાન્ચમાં રૂબરૂ જઇ લેખિતમાં રજૂઆત કરી રકમ -તે સંસ્થાના અન્ય ખાતામાં ટ્રાન્સફર કરાવી લેવાની રહેશે. બેંક તરફથી કોઇ પ્રશ્ન હોય તો શ્રી નવનીત કુમાર, એજીએમ, અમદાવાદ સર્કલ, મો.નં. ૯૯૦૯૦૨૮૫૦૪ સાથે ટેલિફોનિક સંપર્ક કરવો.

ઉક્ત બાબતો ધ્યાને લઇ સદર બાબતે આગામી એક સપ્તાહમાં આ કાર્યવાહી પૂર્ણ કરવા જણાવવામાં આવે છે. એક સપ્તાહની અંદર ZBSA એકાઉન્ટ્નને ઝીરોઇઝ કરવામાં નિષ્ફળતાના કિસ્સામાં, તે એકાઉન્ટ્સને ફ્રીઝ કરવા માટે કાર્યવાહી કરવામાં આવી શકે છે.

બિડાણ: ઉપર મુજબ

રાજ્ય એન.એસ.એસ. અધિકારી

ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,

ગુ.રા.ગાંધીનગર

નકલ રવાના :

- રજિસ્ટ્રારશ્રી, એન.એસ.એસ. સંલગ્ન યુનિવર્સિટીઓ, ગુજરાત રાજ્ય
- આચાર્યશ્રી, સંબંધિત કોલેજ/શાળા (યુનિવર્સિટી/ડી.ઇ.ઓ. મારફતે)

નકલ રવાના (જાણ સારુ):

- રિજિઓનલ ડાયરેક્ટરશ્રી, એન.એસ.એસ. રિજિઓનલ ડાયરેક્ટરેટ, બીજો માળ, પાટનગર યોજના ભવન, એલિસબ્રિજ, અમદાવાદ